# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-04-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી :

**રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકામાં પેટા-ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે**

**15 મહાનગરપાલિકાઓના 261 વૉર્ડ માટે મેદાનમાં રહેલા ત્રણ હજાર 145 ઉમેદવાર માટે મતદાન થઈ રહ્યું છે. મહાનગરપાલિકાની કુલ એક હજાર 44 પૈકી 43 બેઠક અગાઉ બિનહરીફ જાહેર થઈ છે. તો, 84 નગરપાલિકાના 656 વૉર્ડની કુલ બે હજાર 624 બેઠક પૈકી 385 બેઠક બિનહરીફ થતાં 603 વૉર્ડમાં હવે મતદાન થઈ રહ્યું છે આ માટે કુલ પાંચ હજાર 441 ઉમેદવાર હરિફાઈમાં છે. જ્યારે 34 જિલ્લા પંચાયતની કુલ એક હજાર 90 બેઠક પૈકી 52 બેઠક બિનહરીફ થતાં હવે ત્રણ હજાર 59 ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. તો, 260 તાલુકા પંચાયતની કુલ પાંચ હજાર 234 બેઠક પૈકી 252 બેઠક બિનહરીફ થતાં હવે 13 હજાર 871 જેટલા ઉમેદવાર વચ્ચે ટક્કર જોવા મળી રહી છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## મતદાન આરંભ:

**જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ભાવિનો ફેંસલો કરવા માટે આજે સવારના 7 વાગ્યાથી મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જિલ્લાની 1 મહાનગરપાલિકા, 5 નગરપાલિકા, 1 જિલ્લા પંચાયત અને 9 તાલુકા પંચાયતો માટે અત્યારે શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ છે. મતદારો સાંજે 6 વાગ્યા સુધી બૂથ પર જઇ મત આપી શકે છે.**

જિલ્લાના કુલ 15 લાખ 49 હજાર 835 મતદારો આજે 1065 ઉમેદવારોના રાજકીય ભાવિનો ફેંસલો કરશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, કુલ 448 બેઠકોમાંથી 26 બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થઈ ચૂકી છે, જ્યારે બાકી રહેલી 422 બેઠકો પર 1065 ઉમેદવારોનું ભાવી આજે ઈવીએમમાં કેદ થશે.

મહાનગરપાલિકાની 51, નગરપાલિકાઓની 157, તાલુકા પંચાયતોની 177 અને જિલ્લા પંચાયતની 37 બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે.

સમગ્ર જિલ્લામાં 1866 મથકો પર પ્રત્યક્ષ મતદાન યોજાઈ રહ્યું છે. ચૂંટણીને મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન કરવા માટે 8954 પોલિંગ સ્ટાફ અને 5361 પોલીસ જવાનો સહિત કુલ 14 હજાર 549 કર્મચારીઓ ખડેપગે તૈનાત છે. તંત્ર દ્વારા 518 સંવેદનશીલ અને 21 અતિસંવેદનશીલ કેન્દ્રો પર ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. પંચાયતો માટે 'સીંગલ ચોઈસ' અને શહેરી સંસ્થાઓ માટે 'મલ્ટી ચોઈસ' EVM મશીનો ફાળવાયા છે.

આજે સાંજ સુધી ચાલનારા મતદાન બાદ તમામ EVM મશીનોને 26 સુરક્ષિત સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશે. જે બાદ 28 એપ્રિલ, મંગળવારના રોજ સવારે 9 વાગ્યાથી મતગણતરી હાથ ધરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને નિર્ભય થઈ વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

---

## આચાર સહિતા-જાહેરનામા:

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ચૂંટણીની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ, આનંદ પટેલ દ્વારા જાહેરનામા બહાર પાડવામાં આવેલ છે.

મતદાન પુરુ થતા સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં કોઈપણ વ્યક્તિને પોલિટીકલ નેચર વાળા બલ્ક એસ.એમ.એસ. મોકલી શકાશે નહીં

મતદારો મતદાન મથકના અધિકૃત પ્રવેશ દ્વાર પર એક જ કતારમાં ઉભા રહેશે,મહિલા મતદારો માટે અલગ કતાર હોય તો તેમાં ઉભા રહેશે. દિવ્યાંગ મતદારો અને વરિષ્ઠ નાગરીકોને મતદાન માટે પ્રાથમિકતા આપવાની રહેશે.

મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ બૂથ ઉભું કરી શકાશે નહીં.

મતદાન મથકમાં કે મતદાન મથકની ૧૦૦ મી ત્રિજ્યામાં કોઇપણ વ્યકિત સેલ્યુલર ફોન, મોબાઇલ, બ્લુ ટૂથ વગેરે લઇને જઇ શકશે નહીં.

પોલીંગ એજન્ટને મતદાનના કલાકો દરમિયાન માર્ક કરેલ મતદાર યાદી પ્રિસાઇડીંગ અધિકારીને સોંપ્યા બાદ મતદાન મથક છોડવાની છૂટ આપવામાં આવશે.

નિયમોનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

---

## નિધન:

કચ્છ ક્રિકેટ એસોસિએશનના પૂર્વ મંત્રી અને ક્રિકેટ સચિન ઉપાધ્યાયનું ગઈકાલે ભુજમાં અવસાન થયું. તેઓ ભુજની લાલન કોલેજ ક્રિકેટ ટીમના સુકાની પદે પણ રહ્યા હતા.લાલન કોલેજના અભ્યાસ કાળ દરમ્યાન તેઓ વિદ્યાર્થી યુનિયનની પ્રવૃતિ સાથે સક્રીય રહ્યા હતા.

---

## આઈ.પી.એલ:

**આઈ.પ.એલની મેચમાં આજે ગુજરાત ટાઇટન્સ ટીમ નો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગની ટીમ સાથે થશે ચેન્નાઈના એમએ ચિંદબરમ સ્ટેડિયમ ખાતે મેચનો આરંભ બપોરે સાડા ત્રણ વાગ્યે થશે.**

---

## મતદાન મથક વ્યવસ્થા:

**રાજ્યમાં આજે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે તંત્ર દ્વારા ગરમીને ધ્યાનમાં રાખીને મતદાન મથકો પર પીવાના પાણી અને છાંયડાની તેમજ આરોગ્ય વિભાગની ટુકડીઓ ગોઠવવામાં આવી છે.**

---

## હવામાન:

જીલ્લામાં માવઠાંનો દોરની વચ્ચે હજુ આગામી દિવસોમાં કમોસમી વરસાદ વરસે તેવી હવામાન વિભાગની આગાહી વચ્ચે જિલ્લામાં વાદળ છાયા વાતાવરણ વચ્ચે કારતક માસ જેવી વાતાવરણીય વિષમતા જીલ્લામાં જોવા મળી રહી છે. જે ચૈત્ર માસમાં લોકો અનુભવી રહ્યા છે. ભુજ, નલિયા અને કંડલામાં લઘુતમ પારો 19 ડિગ્રીએ પહોંચતાં સવારના સમયે લોકોએ વાતાવરણમાં શીતળતા અનુભવી હતી.

---